Marck Biosciences launches Paracetamol IV

# માર્ક બાયોસાયન્સીસ ધ્વારા પેરાસિટામોલ આઈવી રજૂ કરાશે




અમદાવાદ, સોમવાર

ભારતની ઉત્પાદનકર્તા અને સ્ટરાઈલ ડોસેજીસની માર્કેટર તેમજ બ્લો ફીલ સીલ નિષ્ણાંત કંપની માર્ક બાયોસાયન્સીસ લિ. દ્વારા ભારતમાં બીએસએફ ટેકનોલોજીના સહયોગથી પ્લાસ્ટિક પેકમાં વિશ્વમાં પ્રથમ વખત પેરાસિટામોલ આઈવીની રજૂઆત કરવામાં આવી રહી છે. માર્ક પેરાસિટામોલ આઈવી ઉત્પાદનનો કોન્ટ્રાક્ટ મેળવશે અને તેને તેના પોતાના બ્રાન્ડનેમ "ફેબ્રામોલ આઈવી" હેઠળ ભારતમાં રજૂ કરશે. આ પ્રસંગે માર્ક બાયોસાયન્સીસના એમડી ભાવેશ પટેલે જણાવ્યું હતું કે "અમારી એફ એન્ડ ડી ટીમ દ્વારા સતત ૩ વર્ષ સુધી સમર્પિતપણે કાર્યના કારણે તેમજ ઉત્પાદન સમયે પેકને સુક્ષ્મ જીવાણુઓના ચેપથી દુર રાખવાની અમારી સિદ્ધ ક્ષમતાના કારણે માર્ક દ્વારા બ્લે-ફ્લો-સીલ પેકમાં પેરાસિટામોલ આઈવી રજૂ કરવાના પડકારને પાર પાડ્યો છે."